# Financial Express (Guj)

## JK Lakshmi Cement eyes double digit sales growth this fiscal

**Date: 30/05/2017 | Edition: Ahmedabad | Page: 6 | Source: PTI | Clip size (cm): W: 13 H: 10**

India Media Monitor

**Clip: 1 of 1**

# જેકે લક્ષ્મી સિમેન્ટનું ચાલુ વર્ષે બેકી સંખ્યામાં વૃદ્ધિ હાંસલ કરવાનું લક્ષ્ય

**પીટીઆઇ**

નવી દિલ્હી, તા. ૨૯

જેકે લક્ષ્મી સિમેન્ટ ચાલુ નાણાંકીય વર્ષમાં બેકી સંખ્યામાં વેચાણ વૃદ્ધિ હાંસલ કરવાનું લક્ષ્ય નક્કી કરી રહી છે. સિમેન્ટ ઉદ્યોગ ઇન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટો અને આવાસ ક્ષેત્રની વધેલી માગનો લાભ ઉઠાવે તેવી શક્યતા છે. કંપની હાલમાં ઓરિસ્સામાં નવા ગ્રાઇન્ડીંગ એકમની સ્થાપના કરવા માટે રૂા.૧૫૦ કરોડનું રોકાણ કરી રહી છે. તે તૈયાર કોંક્રિટ, પ્લાસ્ટર ઓફ પેરીસ અને ચૂનાના કોલ જેવા ઉત્પાદનો સાથે જોડાય તેવી અપેક્ષા છે. અમે વપરાશ માગ સુલટાવાની તપાસ કરી રહ્યા છીએ. હું કંપનીની એક આંકડાની વૃદ્ધિ સાથે સંતુષ્ટ નથી. હું ચાલુ વર્ષે ચોક્કસ બે આંકડા વૃદ્ધિનો લક્ષ્યાંક રાખીશ, તેમ કંપનીના સંપુર્ણ સમયના ડિરેક્ટર શૈલેન્દર ચોક્સીએ જણાવ્યું હતું. ૨૦૧૬-૧૭માં કંપની રૂા.૮૭.૩૦ કરોડના ચોખ્ખા નફા સાથે રૂા.૩,૪૧૩.૬૯ કરોડની સંયુક્ત આવક ધરાવે છે. ગયા વર્ષમાં કંપનીએ ૭ એમટી સિમેન્ટનું વેચાણ કર્યું હતું. ઉત્પાદન ક્ષમતાના ધોરણમાં તેમણે જણાવ્યું હતું કે કંપની ૭૫ ટકા હિસ્સો ધરાવે છે ઉદયપુર સિમેન્ટ લિમિટેડના નવા સિમેન્ટ પ્લાન્ટના કાર્યરત થવા સાથે કુલ ક્ષમતા વધીને વાર્ષિક ૧૩ એમટી થઇ છે. કંપની રાજસ્થાનમાં સિરોહિ અને છત્તીસગઢમાં દુર્ગમાં બે બીજા પ્લાન્ટ ધરાવે છે. કંપનીનું ઉત્પાદન ૨૦૧૨થી ૨૦૧૬માં ૧૬ ટકાના સીએજીઆરમાં વૃદ્ધિ પામ્યુ છે. હાલમાં અમારી ઉત્પાદન ક્ષમતા ૧૩ એમટી છે. અમને વધારવાની જરૂર છે. અપેક્ષા વિશે વાત કરવી ખુબ જલ્દી હશે પરંતુ હું ચાલુ વર્ષે સારી વૃદ્ધિ માટે તપાસ કરી રહ્યો છું. સિમેન્ટ ઉદ્યોગે ગયા વર્ષે ૧ ટકાનો ઘટાડો અને ૨૦૧૨થી અત્યાર સુધી એક આંકડાની વૃદ્ધિ નોંધાવી હોવા છતાં આશા છે કે માગ ચાલુ વર્ષે બાઉન્સબેક થશે.

JK LAKSHMI CEMENT Ltd.